**કેનેડાના વિદેશ મંત્રીએ પ્રધાનમંત્રી સાથે સૌજન્ય મુલાકાત કરી (14 ઑક્ટોબર 2026)**

કેનેડાના વિદેશ મંત્રી મહામહિમ સુશ્રી અનિતા આનંદે આજે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી સાથે સૌજન્ય મુલાકાત કરી હતી.

બેઠક દરમિયાન, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને કેનેડાના વિદેશ મંત્રી સુશ્રી અનિતા આનંદે દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવા અને વેપાર, વિજ્ઞાન અને ટેકનોલોજી, સંરક્ષણ, સુરક્ષા, ઊર્જા, શિક્ષણ, લોકોથી લોકોના પરસ્પર સંબંધો તથા બહુપક્ષીય સહકાર સહિત પરસ્પર હિતનાં ક્ષેત્રોમાં સહયોગ વધારવા માટે થઈ રહેલા પ્રયાસો અંગે ચર્ચા કરી હતી.

પ્રધાનમંત્રીએ દ્વિપક્ષીય સંપર્કોની ગતિ જાળવી રાખવા તથા તેને નક્કર પરિણામોમાં રૂપાંતરિત કરવાના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો, જેમાં વ્યાપક આર્થિક ભાગીદારી કરાર (સીઈપીએ) અંગેની વાટાઘાટો વહેલી તકે પૂર્ણ કરવાનો પણ સમાવેશ થાય છે.

તેમણે પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક વિકાસ અંગે પણ મંતવ્યોનું આદાન-પ્રદાન કર્યું.

પ્રધાનમંત્રીએ પ્રધાનમંત્રી કાર્નીને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી અને તેમની સાથેના સંપર્કો ચાલુ રાખવા માટે ઉત્સુકતા વ્યક્ત કરી હતી.

નવી દિલ્હી

14 ઑક્ટોબર, 2026